અપીલ અરજી નં.૪૬ તા.૨૧–૫–૦૯/૧૦

અરજદારઃડો. સરોશ શામ ભકકા
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ ડો. સરોશ શામ ભકકાની તા.૩૦–૩–૦૯ ની અરજીથી તા.૧૪–૭–૦૮ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂ મુલાકાત માટે તે સમયે જે વીઝીટર સ્લીપ ભરી હતી તેમાં કમિશ્નરશ્રીએ નોંધ કરી શેરો મુકેલ તેની પ્રમાણિત નકલ તથા તે અંગે આગળ શું અને કયા પ્રકારની કાર્યવાહી થઈ તેની વિગતોની પ્રમાણિત નકલો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૬/૨૦૦૯–૧૦

ડો. સરોશ શામ ભકકાની તા.૩૦–૩–૦૯ ની અરજીથીતા.૧૪–૭–૦૮ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂ મુલાકાત માટે તે સમયે જે વીઝીટર સ્લીપ ભરી હતી તેમાં કમિશ્નરશ્રીએ નોંધ કરી શેરો મુકેલ તેની પ્રમાણિત નકલ તથા તે અંગે આગળ શું અને કયા પ્રકારની કાર્યવાહી થઈ તેની વિગતોની પ્રમાણિત નકલો આપવા બાબતેની માહિતી માંગેલ. જે સંદર્ભે તેમની તા.૩૦–૩–૦૯ ની અરજીના જુદા જુદા વિભાગોમાં આઈ ડી. નંબરો તથા આઈ ડી. નં.૧૮ તા.૩૦–૩–૦૯ તથા આઈ ડી. નં.૧૮ તા.૯–૪–૦૯ જુદી જુદી તારીખો એક જ આઈ ડી. નંબર બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૧–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કોઈ તબદીલી થયેલ હોય તો તેની વિગત આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૦ તા.૨૯–૫–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૮ તા.૫–૬–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની તા.૩૦–૩–૦૯ ની મુળ અરજી સેન્ટ્રલ ઝોનમાંથી ઓફિસ સુપ્રિ.શ્રીને તબદીલ થયેલ અરજીની નકલ, ઓફિસ સુપ્રિ.તરફથી ડે.કમિશ્નર(સ્પે) અઠવાઝોનને તબદીલ થયેલ અરજીની નકલ, અરજદારને માહિતી અંગે દસ્તાવેજી ફી ભરવાની જણાવેલ. પત્રની નકલ, અરજદારે ભરેલ દસ્તાવેજ ફી ની રસીદ, અરજદારને આપેલ માહિતીની નકલ, અરજદારની કમિશ્નરશ્રીની મુલાકાતની રસીદ રજૂ કરેલ છે.

અરજદારની અપીલ અરજીમાં આપેલ માહિતી સબંધે થયેલ કાર્યવાહીના પત્રો અંગે અરજદારના બિડાણ– ૨ અને ૩ તા.૩૦–૩–૦૯ ના પત્રો અંગે આઈ ડી. નં.૧૪૭૮ આપવામાં આવે છે. જે અરજદારે સીધી સેન્ટ્રલ ઝોનમાં કરેલ અરજીનો આઈ ડી. નંબર છે અને જે ઓફિસ સુપ્રિ.ને તબદીલ કરેલ આઈ ડી. નંબર અને તારીખ છે.

અરજદારના બિડાણ–૪ માં અરજદારની મૂળ અરજી તા.૩૦–૩–૦૯ અને અઠવાઝોનનો નોંધાયેલ આઈ ડી.નંબર ૧૮ દર્શાવવામાં આવેલ છે. જયારે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ ૩૮ તા.૨૦–૪–૦૯ જે અઠવાઝોનનો માહિતી સબંધે દસ્તાવેજ ફી ભરવાનો આઉટ વર્ડ નંબર છે. બિડાણ–૬ માં અઠવાઝોનનો આઈ ડી. નંબર ૧૮ અને તબદીલ થઈને આવેલી અરજીની તા.૯–૪–૦૯ નોંધાયેલ છે. જયારે માહિતી દસ્તાવેજો અંગે મૂળ તા.૩૦–૩–૦૯ દર્શાવેલ છે. પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૪૬ તા.૨૩–૪–૦૯ તે અઠવાઝોનનો માહિતી પૂરી પાડતા પત્રનો આઉટ વર્ડ નંબર છે. અરજદારની તા.૨૩–૪–૦૯ ના ફોરવર્ડીંગ બિડાણ–૬ પોઈન્ટ નં.૧ માં અરજદારની અઠવાઝોનમાં પાડેલ આઈ ડી. નંબર ૧૮ તથા તેની તા.૯–૪–૦૯ છે. જયારે પોઈન્ટ ૨ માં અરજદારે કરેલ તા.૩૦–૩–૦૯ ની અરજીથી માંગેલ દસ્તાવેજોની છે. આથી તા.૯–૪–૦૯ ની જે અરજી છે તે અઠવાઝોનને મળેલી તા.૩૦–૩–૦૯ ની અરજીની નોંધાયેલ વિગત છે. આમ આ તમામ નંબર અને તારીખો તા.૩૦–૩–૦૯ ની અરજી અંગે જુદા જુદા ખાતા અને ઝોનમાં થયેલ જુદા જુદા તબકકે થયેલી કાર્યવાહી અંગેના જણાય છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારે અપીલ તબકકે તેમની મૂળ અરજી તા.૩૦–૩–૦૯ થી માંગેલ માહિતી નહીં મળ્યાની કે અધૂરી કે ખોટી મળ્યાની કોઈ રજૂઆત કરેલ જણાતી નથી. પરંતુ મુળ અરજી અને તબદીલ થયેલ અરજી સમયે જાહેર માહિતી અધિકારી કક્ષાએ અપાયેલ આઈ ડી. નંબર તથા તારીખ બાબતે વિસંગતતાની રજૂઆત કરેલ જણાય છે. જે મૂળ અરજીથી સુસંગત નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ તા.૨૩–૪–૦૯ ની માહિતી નકલ સહિત આઈ ડી. નંબર તારીખની મૂળ અરજીને સુસંગત જણાય છે. પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા વિસંગતતા અંગે સ્પષ્ટતા કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૩–૦૯ ની અરજીથી અરજદારે કોઈ માહિતી બાબતે નહીં પરંતુ માહિતી અરજી અંગે અપાયેલ ઓળખ નંબરો અને તારીખ બાબતેની રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીએ અત્રે પૂરક વિગતમાં જણાવ્યા અનુસાર અરજદારને સ્પષ્ટીકરણ મોકલી આપવા જણાવવામાં આવે છે. મૂળ અરજીથી માંગેલ માહિતી અંગે કોઈ તકરાર ન હોઈ તે અંગે કોઈ હુકમ કકરવાનો રહેતો નથી.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૬ – ૦૯***

***ડે.કમિશ્નર(જનરલ) અને***
***એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (અઠવાઝોન) ..... જાણ તથા અમલ માટે

(૨) ડો. સરોશ શામ ભકકા, વાંકી બોરડી, શાહપોર , સુરત....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.